જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૦૯/૨૦૨૩   બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નારોલ પો.સ્ટે. વિસ્તારમાંથી નિશાન ડટસન ગો કાર માંથી વિદેશી દારુની બોટલો નંગ-૩૨ કિ.રૂ.૨૬૩૪૦/- મળી કુલ્લે રુપિયા ૨,૮૬,૮૩૦/ ના મુદામાલ સાથે એક આરોપીને ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૧૨.૦૯.૨૩ ના રોજ સ્ટાફના  પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા મ.સ.ઈ. જગદેવસિહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર નરેશભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવિણસિંહ બ.ન.૪૮૯૭, અ.હે.કો. વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦ અ.પો.કો. પ્રવીણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧,અ.પો.કો.જયમિન મહેશભાઈ બ.ન.૬૭૩૫ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ તથા અ.પો.કો. જયમિન મહેશભાઈ નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે વટવા બીબી તળાવથી વટવા ટી તરફ જતા રોડ પર આવેલ અનમ ટ્રેડિંગ દુકાનની સામેના ભાગે આવેલ રોડ પરની જાહેર જગ્યાથી નિશાન ડટસન ગો કાર નંબર GJ-02-CP-8824 માં બનાવેલ ગુપ્ત ખાનાઓમાથી વિદેશીદારુ ની બોટલો નંગ  ૩૨ કિ.રૂ.૨૬.૩૪૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૨,૮૬,૮૩૦/-ના મુદામાલ સાથે એક આરોપી પકડી લઈ તેની તેમજ અન્ય વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરીન નારોલ પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૬૫૨૩૦૯૪૧/૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

**પકડાયેલ આરોપી :** (૧) દિલીપ ચંદુભાઈ રાઠોડ (મોલેસલામ) રહે.એ/૩૯, ઈમદાદ્નગર સૈયદવાડીની પાછળ, વટવા અમદાવાદ

**વોન્ટેડ આરોપી :** (૧) ગિરીશ સિંઘ રહેવાસી- રાજસ્થાન

**ગુનાની જગ્યા :** વટવા બીબી તળાવથી વટવા ટી તરફ જતા રોડ પર આવેલ અનમ ટ્રેડિંગ દુકાનની સામેના ભાગે આવેલ રોડ પરની જાહેર જગ્યાથી

**પકડાયેલ મુદામાલ :** (૧) ભારતીય બનાવટની પરપ્રાંતની વિદેશી દારુની બોટલો નંગ ૩૨ કિ.રૂ.૨૬,૩૪૦/- (૨) રોકડા નાણા ૪૯૦ (૩) મો.ફોન નંગ ૧ કિ.રૂ.૧૦,૦૦૦/- (૪) નિશાન ડટસન કાર નંબર GJ-02-CP-8824 કિ.રૂ.૨,૫૦,૦૦૦/- મળી કુલ્લે રુપિયા રુપિયા ૨,૮૬,૮૩૦/ ની મત્તાનો મુદામાલ

## વટવા પો.સ્ટે. વિસ્તારમાંથી સ્વીફ્ટ ડિઝાયર કારમાંથી વિદેશી દારુની બોટલ નંગ-૭૧ કિ.રૂ.૫૫,૯૮૫/- મળી કુલ્લે રુપિયા ૫,૫૫,૯૮૫/- મુદામાલ ઝડપી પાડતી પી.સી.બી.

પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલિક સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ સુચના આપેલ જે આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એમ.સી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ તા.૧૨.૦૯.૨૩ ના રોજ સ્ટાફના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી વી.જી.ડાભી તથા મ.સ.ઈ. જગદેવસિહ ગુલાબસિંહ બ.ન.૧૩૪૬૭, મ.સ.ઈ. મહંમદયુનુસ અસગરઅલી બ.ન.૮૨૧૯, મ.સ.ઈ.ચેતનકુમાર નરેશભાઈ બ.ન.૧૩૫૩૮, અ.હે.કો.પરાક્રમસિહ ભગવાનભાઈ બ.ન.૪૫૭૪, આ.હે.કો. મહેન્દ્રકુમાર ઉદેસંગભાઈ બ.ન.૪૮૯, અ.હે.કો.ઈન્દ્રસિહ પ્રવિણસિંહ બ.ન.૪૮૯૭, અ.હે.કો. વિષ્ણુભાઈ હીરાભાઈ બ.ન.૪૭૭૦ અ.પો.કો. પ્રવીણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭, અ.પો.કો.પાર્થકુમાર કેતનભાઈ બ.ન.૩૯૬૧, અ.પો.કો.જયમિન મહેશભાઈ બ.ન.૬૭૩૫ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમા હતા, દરમ્યાન અ.હે.કો.વિષ્ણુભાઈ હીરાભાઈ તથા અ.પો.કો. જયમિન મહેશભાઈ નાઓને સંયુકત રીતે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે વટવા બીબી તળાવથી વટવા ટી તરફ જતા રોડ પર આવેલ અનમ ટ્રેડિંગ દુકાનની સામેના ભાગે આવેલ રોડ પરની જાહેર જગ્યાથી નિશાન ડટસન ગો કાર નંબર GJ-02-CP-8824 માથી વિદેશીદારુ ની બોટલો નંગ ૩૨ કિ.રુ.૨૬.૩૪૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૨,૮૬,૮૩૦/- ના મુદામાલ સાથે આરોપી નામે દિલીપ ચંદ્રુભાઈ રાઠોડ (મોલેસલામ) રહે.એ/૩૯, ઈમદાદનગર સૈયદવાડીની પાછળ, વટવા અમદાવાદ નાને પકડી લઈ તેની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પો.સ્ટે.ખાતે ગુનો રજીસ્ટર કરાવી મજકુર આરોપીને નારોલ પો.સ્ટે.ખાતે સોપવામાં આવેલ.

ઉપરોકત પકડાયેલ આરોપીએ પંચો રુબરુ જણાવેલ કે આ ગેરકાયદેસર વિદેશી દારુનો જથ્થો તેણે ગિરીશ સિંઘ રહે.રાજસ્થાન નાઓ પાસેથી રાજસ્થાન ખાતેથી મંગાવેલ અને તે દારુ જથ્થો પોતાના કબ્જાની બીજી સ્વીફ્ટ ડિઝાયર કાર નંબર GJ-01-WA-2581 મા ભરી તે કારને તેના રહેણાંક સોસાયટીના પાર્કીગમાં મુકી રાખેલ હોવાની હકીકત જણાવતા પી.સી.બી. સ્ટાફના માણસોએ પંચો સાથે ઉપરોકત જગ્યાએ પણ રેઈડ કરતા ત્યાં પડેલ સફેદ કલર સ્વીફટ ડિઝાયર કાર નંબર GJ-01-WA-2581 કારમાંથી જુદા જુદા બ્રાન્ડની વિદેશી દારુની બોટલો નંગ- ૭૧ કુ.કિ.રુ.૫૫,૯૮૫ /- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૫,૫૫,૯૮૫/- નો મુદામાલ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી વટવા પો.સ્ટે. ખાતે સી પાર્ટ ગુરન. ૧૧૧૯૧૦૩૮૨૩૦૯૩૩ /૨૦૨૩ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ),૧૧૬(૧)(બી),૯૮(૨), મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### નહી પકડાયેલ આરોપી :

(૧) દિલીપ ચંદ્રુભાઈ રાઠોડ (મોલેસલામ) રહે.એ/૩૯, ઈમદાદ્નગર સૈયદવાડીની પાછળ, વટવા અમદાવાદ
(૨) ગિરીશ સિંઘ રહેવાસી- રાજસ્થાન

**ગુનાની જગ્યા :** વટવા ઈમદાદનગર સોસાયટીના કોમન પાર્કીગ પ્લોટ્માં જાહેરમાં

### પકડાયેલ મુદામાલ :

(૧) ભારતીય બનાવટની પરપ્રાંતની વિદેશી દારુની બોટલો નંગ ૭૧ કિ.રૂ.૫૫,૯૮૫/- (૨) સ્વીફ્ટ ડિઝાયર કાર નંબર GJ-01-WA-2581 કિ.રૂ.૫,00,000/- મળી કુલ્લે રુપિયા રુપિયા ૫,૫૫,૯૮૫/ ની મત્તાનો મુદામાલ

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૮૬ લીટર દેશી દારૂ, ૩૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૧૨ બિયર ટીન, ૨ રિક્ષા, ૧ મોટર સાયકલ અને ૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૫/૨૦૨૩**

**નરોડાઃ** જગદીશભાઇ કેશાભાઇ પટેલ (ઉ.વ.૪૯) (રહે. સ્વાગત એપાર્ટમેન્ટ મીની કાંકરીયા ગેટ નંબર-૨ સામે નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૯/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન જગદીશભાઇ પટેલએ નરોડા બેઠક સામે મફતનગર ધવલ ડેરીની બાજુમાં પાર્ક કરેલ એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**બોડકદેવઃ** પુખરાજ ભિમરાજજી કચ્છારા (ઉ.વ.૬૨) (રહે. મારૂતી ઝિનોબીયા આર મીડીયા લેન સ્ટ્રલિંગ કેન્સર હોસ્પિટલની બાજુમાં બોડકદેવ) એ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પુખરાજ કચ્છારાના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા સુરજકુમાર શંભુભાઇ મુખીયા (મુળ વતન. ગામ-બીથોસરશો જી-મધુબની બિહાર) પુખરાજ કચ્છારાના મકાનમાં તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨૩,૫૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૬/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** ચાણકયપુરી વિશ્વાસ સીટી-૨ નજીક સીરીન નામની નવી બનતી સાઈટ ખાતે રહેતા દિલીપ મોહનભાઈ કટારા (ઉ.વ.૧૭) (મુળ વતન. ગામ કાજલીયા, તહસીલ આનંદપુરી, જી. બાસાવાડા, રાજસ્થાન) તા.૧૧/૦૯/૨૦૨૩ સાજના ૭/૩૦ વાગ્યાના સુમારે સાઈટ ખાતે બીજા માળના પગથીયાથી લિફટના ખુલ્લા ડગમાં પડી જતા ગંભીર ઈજાઓ થતા તેનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બી.એલ.સુસરા ચલાવે છે.

**<u>કેનાલમાં ડુબી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૧૭/૨૦૨૩</u>**

**નારોલઃ** રાજેશભાઇ રોહીતભાઇ દંતાણી (ઉ.વ.૨૫) (રહે. જશોદાનગર બ્રીજ નીચે શૌચાલય સામે જશોદાનગર) તા.૧૨/૦૯/૨૦૨૩ કલાક ૧૨/૫૦ વાગ્યા પહેલા ખારીકટ કેનાલમા નાહવા ગયા હતા ત્યારે કેનાલમા પગ લપસી જતા ડુબી જવાથી તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૧૮/૨૦૨૩</u>**

**આનંદનગરઃ** આનંદનગર હરણ સર્કલથી અંદર લક્ષ્મીકૃપા સોસાયટી ખાતે રહેતા પ્રવિણ દેવીલાલ પાટીદાર (મુળ વતન. જૈન મહોલા બરોદા ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૯/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૧૨/૦૯/૨૦૨૩ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક ખાતે લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયંતિભાઇ પોપટભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી